Downloaded From :http://cbseportal.com/

CBSE PORTAL www.cbseportal.com

SET-4

Series HRK

Code No. 9

Roll No. | | | | | | | |

Candidates must write the Code on the title page of the answer-book.

- Please check that this question paper contains **12** printed pages.
- Code number given on the right hand side of the question paper should be written on the title page of the answer-book by the candidate.
- Please check that this question paper contains **5** questions.
- **Please write down the Serial Number of the question before attempting it**.
- 15 minute time has been allotted to read this question paper. The question paper will be distributed at 10.15 a.m. From 10.15 a.m. to 10.30 a.m., the students will read the question paper only and will not write any answer on the answer-book during this period.

# સંકલિત પરીક્ષા – II

# SUMMATIVE ASSESSMENT – II

# ગુજરાતી

# GUJARATI

*સમય સીમા : 3 કલાક* — *કુલ અંક : 90*

*Time allowed : 3 hours* — *Maximum Marks : 90*

***General Instructions :***

*(i) The question paper is divided into four sections :*

| | |
|---|---|
| *Section A —Reading Comprehension* | *15* |
| *Section B —Writing* | *10* |
| *Section C — Grammar* | *20* |
| *Section D — Literature [text book]* | *45* |
| | *Total Marks 90* |

*(ii) Marks are indicated against each question.*

*(iii) All questions are compulsory.*



Downloaded From :http://cbseportal.com/ Courtesy : CBSE

Downloaded From :http://cbseportal.com/
CBSE PORTAL
www.cbseportal.com

## SECTION A — Reading Comprehension

**1.** (A) નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ વિકલ્પોમાંથી શોધીને લખો. *5*

કોઈ માણસની ઉંમર હોય તો આપણે તેને ઘરડો કહીએ છીએ. આવા ઘરડાં આપણા દેશમાં ઘણા ઓછા નજરે પડે છે. તોય હજી એક જાતના ઘરડાં ઘણા છે. આ ઘરડાં તે કોણ ? નવી વસ્તુ શીખવાની ધગશ જેનામાંથી જતી રહી હોય તે ઘરડો, એમ એક સંતે કહ્યું છે આવા ઘરડાં આપણા દેશમાં જયાં જાઓ ત્યાં નજરે પડશે. નાનપણમાં જે કંઈ શીખવા મળ્યું તે ખરું. થોડો મોટો થઈને ધંધો સંભાળ્યો કે પછી 'અમુક વસ્તુ શીખી લે' એમ કોઈ કહે તો તે ન બની શકે. આવી જડતા ભણેલા અને ગણેલા બંને વર્ગના હાડમાં ઊતરી ગઈ છે. જે આજ સુધી થયું નથી તે હવે પણ થવાનું નથી, આમ માનવું તે ઘરડો તર્ક. આ ઘરડાંને એમ કેમ નથી સમજાતું કે આજ સુધી જે નથી થયું તે ભવિષ્યમાં નથી થવાનું ? આજ સુધી હું મરી ગયો નથી, તેથી હવે પછી પણ મરવાનો નથી, એવા ઘરડાં તર્કનો ભોગ બનવાથી ભારે હાનિ થાય છે.

પ્રશ્નો :

(1) આપણે ત્યાં કયા પ્રકારનાં ઘરડાં ઓછા છે ?

(અ) ઉંમર થઈ હોય ને ઘડપણ આવે તેવા.

(બ) ઉંમર ન થઈ હોય ને ઘડપણ આવે તેવા.

(ક) ઉંમર ન થઈ હોય ને ઘડપણ ન આવે તેવા.

(2) ભારતમાં કયા પ્રકારનાં ઘરડાં નજરે પડે છે ?

(અ) જેનામાં નવી વસ્તુ શીખવાની ધગશ છે તેવા.

(બ) જેનામાં નવી વસ્તુ શીખવાની ધગશ નથી તેવા.

(ક) એકેય નહિ.


Downloaded From :http://cbseportal.com/ Courtesy : CBSE

Downloaded From :http://cbseportal.com/

(3) આપણે ત્યાં કંઈ જડતા ભણેલા વર્ગમાં જોવા મળે છે ?

(અ) નાનપણમાં કંઈ ન શીખાય.

(બ) મોટપણે કંઈ નવું ન શીખાય.

(ક) નાનપણમાં જે શીખ્યા તે નકામું.

(4) લેખક ઘરડો તર્ક કોને ગણાવે છે ?

(અ) જે આજ સુધી થયું નથી, તે હવે પછી પણ થવાનું નથી.

(બ) જે આજ સુધી થયું છે, તે જ હવે પછી પણ થવાનું છે.

(ક) જે આજ સુધી થયું છે, તે હવેથી નહિ થાય.

(5) આ ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

(અ) આપણો સાંસ્કૃતિક વારસો

(બ) મનખાનો મેળો

(ક) આપણી માનસિક જડતા

(B) નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તરો આપેલા વિકલ્પોમાંથી શોધીને લખો. *5*

વૃક્ષો અન્યના સુખને અર્થે છાંયડો આપે છે. પોતે તાપમાં તપીને અને અસહ્ય ગરમી વેઠીને બીજાને પોતાનાં ફળ આપે છે. પરોપકારી મનુષ્યો એવા જ હોય છે. જો આ નાશવંત કાયાનો ઉપયોગ પરોપકારાર્થે ન થવાનો હોય તો તેની ઉપયોગિતા શી ? સુખડ જેમ વધારે ઘસાય તેમ વધારે સુવાસ આપે. શેરડી જેમ વધારે પિલાય તેમ વધારે રસ આપે. સોનું જેમ વધારે તપે તેમ વધારે ચળકાટ ધારણ કરે. ઉદાર મનુષ્યો પ્રાણાન્તે પણ પોતાના સદ્‌ગુણો તજતા નથી. જગત તેમની સ્તુતિ કરે કે ન કરે, તેઓ શ્રીમંત હોય કે ગરીબ હોય, તેઓ અલ્પાયુ હોય કે દીર્ઘાયુ હોય, તેઓ ગમે તે સ્થિતિમાં હોય, પરંતુ તેઓ પોતાના માર્ગમાંથી ચલિત થતા નથી. જે બીજાનાં માટે જીવતો નથી, તેનું જીવન નિરર્થક છે. જીવવા ખાતર જીવવું એ કાગડા-કૂતરાનું જીવન છે. જેઓ સૃષ્ટિના કલ્યાણમાં પ્રાણ પાથરે છે તેઓ પોતાનું જીવન સાર્થક કરે છે.


Downloaded From :http://cbseportal.com/ Courtesy : CBSE

Downloaded From :http://cbseportal.com/

CBSE PORTAL
www.cbseportal.com

પ્રશ્નો :

(1) પરોપકારી મનુષ્યો કોનાં જેવા હોય છે ?

(અ) તડકા જેવા

(બ) છાંયડા જેવા

(ક) વૃક્ષો જેવા

(2) 'કાગડા-કૂતરાનું જીવન' કોને કહેવાય ?

(અ) બીજાને માટે જીવવું

(બ) જીવવા ખાતર જીવવું

(ક) બીજાને ખાતર મરવું

(3) ઉદાર મનુષ્યોની વિશેષતા જણાવો.

(અ) તેઓ પ્રાણાન્તે પણ પોતાનાં સદ્‌ગુણો તજતા નથી.

(બ) ગમે તે સ્થિતિમાં પણ પોતાના માર્ગે ચાલે જ છે.

(ક) ઉપરોક્ત બંને.

(4) કોનું જીવન નિરર્થક છે ?

(અ) જે બીજાને માટે જીવતો નથી.

(બ) જે બીજાને માટે જીવે છે.

(ક) જે બીજાને માટે મરી જાય છે.

(5) આ ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

(અ) જીવન અને મૃત્યુ !

(બ) જીવનની સાર્થકતા !

(ક) જીવન એક સંઘર્ષ !



Downloaded From :http://cbseportal.com/ Courtesy : CBSE

Downloaded From :http://cbseportal.com/

CBSE PORTAL
www.cbseportal.com

(C) નીચેનું કાવ્ય વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તરો વિકલ્પોમાંથી શોધીને લખો. *5*

રચો રચો અંબરચુંબી મંદિરો,
ઊંચા ચણો, મ્હેલ, ચણો મિનારા
મઢો સ્ફટિકો, લટકાવો ઝુમ્મરો,
રંગ ઉડાવો જળના ફુવારા !
રચો રચો ચંદનવાટિકાઓ,
રચો રચો કંચન સ્તંભમાળા !
ઊંચા તણાવો નવરંગ ઘુમ્મટો,
ને કૈંક ક્રિડાંગણ, ચંદ્રશાળા
રચો ભલે ! અંતરરૂંધતી શિલા
એ કેમ ભાવિ બહુ કાળ સાંખશે ?
દરિદ્રની એ ઉપહાસલીલા
સંકેલવા કોટિક જીભ ફેલતો
ભૂખ્યાં જનોનો જઠરાગ્નિ જાગશે
ખંડેરની ભસ્મકણી ન લાધશે.

પ્રશ્નો :

(1) આ કાવ્ય કવિએ કોને ઉદ્દેશીને લખ્યું છે ?
 (અ) ગરીબોને
 (બ) ધનિકોને
 (ક) ભૂખ્યાં જનોને

(2) ચંદનવાટિકા એટલે શું ?
 (અ) ચંદનનો વાટકો
 (બ) ચાંદીનો વાટકો
 (ક) ચંદનવૃક્ષોનો બળા


Downloaded From :http://cbseportal.com/ Courtesy : CBSE

Downloaded From :http://cbseportal.com/

(3) અંબરચુંબીનો અર્થ શું થાય છે ?

(અ) આભને આંબતું

(બ) અંબરના રંગનું

(ક) આકાશથી નાવું

(4) જઠરાગ્નિ એટલે ?

(અ) ક્રોધવો અગ્નિ

(બ) પેટની અળા

(ક) જંગલની અગ્નિજવાળા

(5) કાવ્યના કવિ કોણ છે ?

(અ) સુંદરમ્

(બ) ઉમાશંકર જોશી

(ક) સુંદરજી બેટાઈ

## SECTION B — Writing

**2.** (A) "જનનીની જોડ સખી નહીં જડે રે લોલ" વિષય પર આશરે 15 વાક્યોમાં પરિચ્છેદ લખો. *5*

(B) તમારી શાળામાં ઊજવાયેલ પ્રજાસત્તાક દિનની ઊજવણીની વાત કરતો પત્ર તમારા મોટાભાઈને લખો. *5*

**અથવા**

તમારી સોસાયટીમાં મચ્છરોનો ખૂબ ત્રાસ છે. તેને અટકાવવા નગરપાલિકા અધિકારીને પત્ર લખો.



Downloaded From :http://cbseportal.com/ Courtesy : CBSE

Downloaded From :http://cbseportal.com/

CBSE PORTAL www.cbseportal.com

## SECTION C — Grammar

**3.** (A) સૂચના પ્રમાણે વાક્ય પરિવર્તન કરો. *3*

(1) આ એમનો જમાનો છે. (નિષેધવાક્ય બનાવો)

(2) એ પાછો કેમ ન આવ્યો ? (વિધિવાક્ય બનાવો)

(3) મારી રોગ સામે ઝઝૂઝવાની તાકાત ખૂટી છે. (નિષેધવાક્ય બનાવો)

(B) સૂચના મુજબ વાક્ય પરિવર્તન કરો. *3*

(1) એમાં મારામારીની કંઈ જરૂર નથી. (પ્રશ્નવાક્ય બનાવો)

(2) ફૂલ ખૂબ સુંદર છે. (ઉદ્‌ગારવાક્ય બનાવો)

(3) માણસ બધું જ કરી શકે છે. (પ્રશ્નવાક્ય બનાવો)

(C) નીચેના રૂઢિપ્રયોગોનો અર્થ લખી, વાક્ય પ્રયોગ કરો. *3*

(1) તાકી રહેવું

(2) ઉત્સાહ ઓસરી જવો

(3) ચિત્ત કોરાવું

(D) નીચેની કહેવતોનો અર્થ લખો. *3*

(1) કોલસાની દલાલીમાં હાથ કાળા

(2) અર્થ સરે વૈદ વેરી

(3) પાકા ઘડે કાંઠા ન ચડે

(E) નીચેના વાક્યો સુધારીને ફરીથી લખો. *3*

(1) તમે સહકુટુંબ સાથે ઘરે આવશે.

(2) ધરતીનું આવે છેડો તે ઘર જયાં.

(3) હવે પેન્સિલની લાકડું સારી નથી આવતું.



Downloaded From :http://cbseportal.com/ Courtesy : CBSE

Downloaded From :http://cbseportal.com/

CBSE PORTAL
www.cbseportal.com

(F) નીચેના શબ્દોનો સંધિવિગ્રહ કરો. *3*

(1) તૃષ્ણા

(2) સન્નારી

(3) જીવાત્મા

(G) નીચેના શબ્દસમૂહો માટે એક એક શબ્દ લખો. *2*

(1) શણનો મોટો થેલો

(2) સોદાના સાટા પેટે અગાઉથી અપાયેલું નાણું

**SECTION D — Literature [Text Book]**

**4.** (A) નીચેનો ફકરો વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. *5*

નિ:સ્તબ્ધ અન્ધકારમાં એ પ્રશ્ન રઝળતો રહી ગયો. પ્રભાશંકર આંખ ઝીણી કરીને અન્ધકારમાં તાકી રહ્યા. તપખીરનો સડાકો લઈને, સહેજ ખોંખારો ખાઈને, 'મકુ જે' કહીને, પારવતી ડોશીને વાત કરવાની ટેવ હતી. મોટા દીકરા મણિશંકરના મૃત્યુ પછી પ્રભાશંકર ઘણીવાર અન્યમનસ્ક બની જતા. ત્યારે ઘણુખરું એમની બાંય ખેંચીને બોલાવવાની પારવતી ડોશીને ટેવ પડી ગઈ હતી. પ્રભાશંકરને યાદ આવ્યું : પરણ્યાને બે એક વરસ થયાં હશે. ત્યારે તો એમનાં ડોસાડોસી ઘરમાં હતાં. જમીને પ્રભાશંકર નોકરીએ જવાની તૈયારીમાં જ હતા. એમની ટેવ મુજબ ઘૂંટડો પાણી પીને રસોડાંની બહાર નીકળી જતા હતા ત્યારે આમ જ કોટની બાંય ખેંચીને એમને ઊભા રાખીને પારવતીએ પોતે માતા થવાની છે તેના શુભ સમાચાર આપ્યા હતા. સંયુક્ત કુટુંબમાં મર્યાદા જાળવીને રહેવાનું, બે ઘડી એકાન્ત મેળવીને એક બે શબ્દ બોલવાનું પણ ભાગ્યે જ બનતું. રાતે મા-બાપને ભાગવત સંભળાવીને પ્રભાશંકર સૂવા જાય ત્યારે પારવતી પથારીને એક ખૂણે, આખા દિવસના કામથી થાકેલી, ઊંઘે ઘેરાતી આંખે માંડ જાગતી બેઠી હોય. આમેય તે પ્રભાશંકર ચાર શબ્દ બોલવાના હોય ત્યાં એક જ બોલીને કામ ચલાવી લે એવા માણસ.



Downloaded From :http://cbseportal.com/ Courtesy : CBSE

Downloaded From :http://cbseportal.com/

પ્રશ્નો :

(1) 'મકુ જે' એવું કોણ બોલતું ?

(2) સંયુક્ત કુટુંબમાં કેવી રીતે રહેવાનું હોય ?

(3) પ્રભાશંકર તેમના મા-બાપને રાતે શું સંભળાવતા ?

(4) પ્રભાશંકર કેવા માણસ હતા ?

(5) મણિશંકર કોણ હતા ?

(B) નીચેનામાંથી કોઈ પણ *બે* ના કારણો આપો. *4*

(1) લેખકે રવિવારે આરામ ન કરવાનું નક્કી કર્યુ કારણ કે...

(2) ગાંધીજીએ રાત્રિ બાવરાની જેમ ગાળી કારણ કે...

(3) નાનાભાઈએ ગૌરીશંકર રસોયાને છૂટો કર્યો કારણ કે...

(C) નીચેનામાંથી કોઈ પણ *પાંચ* પ્રશ્નોના એક એક વાક્યમાં જવાબ લખો. *5*

(1) કાચે રે તાંતણે મને __________ બાંધી.

(2) "મેં તમને છાત્રાલયની સફાઈ કરાવવા રાખ્યા નથી." — પ્રસ્તુત ઉક્તિ કોણ બોલે છે.

(3) લેખકના ઘરમાં વિન્સેન્ટ વાનગોગનું કયું ચિત્ર હતું ?

(4) 'થીંગડું' કૃતિનો સાહિત્યપ્રકાર જણાવો.

(5) 'અજવાળી' કોણ છે ?

(6) 'પંચ પટરાણીની સેવામાં ઘરકામ' પાઠના લેખકનું નામ જણાવો.

(D) નીચેનામાંથી કોઈ પણ *બે* પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં જવાબ લખો. *6*

(1) નાનાભાઈ સંસ્થામાં હોય ત્યારે તેમનો ક્રમ કેવો રહેતો ?

(2) લેખકને મન ઘર એટલે શું ?

(3) ગાંધીજીને દેશગમનનો આગ્રહ કોણે કર્યો ? ગાંધીજીના દેશગમનની માગણીનો કઈ શરતે સ્વીકાર થયો ?

(4) એકવાર રમણ શા માટે આકુળવ્યાકુળ થઈ ગયો ?


Downloaded From :http://cbseportal.com/ Courtesy : CBSE

Downloaded From :http://cbseportal.com/

(E) નીચેનામાંથી કોઈ પણ ***એક*** નો વિસ્તૃત જવાબ લખો. *4*

(1) ‘થીંગડું’ વાર્તાને આધારે પાર્વતીનું પાત્રાલેખન કરો.

(2) દક્ષાએ ત્રીજા માળની ઓરડી કેમ પસંદ કરી ?

(3) ‘જાહેર સેવકને અંગત ભેટો ન હોય.’ સમજાવો.

**5.** (A) નીચેનું કાવ્ય વાંચી, તેની નીચેના પ્રશ્નોના જવાબ લખો. *5*

ફૂલ કહે ભમરાને, ભમરો વાત વહે ગુંજનમાં :
માધવ, ક્યાંય નથી મધુવનમાં.
કાલિન્દીનાં જલ પર ઝૂકી
પૂછે કદંબડાળી,
યાદ તને બેસી અહીં વેણું
વાતા’તા વનમાળી ?
લહર વમળને કહે, વમળ એ વાત સ્મરે સ્પંદનમાં :
માધવ, ક્યાંય નથી મધુવનમાં.
કોઈ ન માગે દાણ
કોઈની આણ ન વાટે ફરતી,
હવે કોઈ લજ્જાથી હસતાં,
રાવ કદી ક્યાં કરતી !
નંદ કહે જશુમતીને, માતા લાલ ઝરે લોચનમાં :
માધવ, ક્યાંય નથી મધુવનમાં.
શિર પર ગોરસમટુકી
મારી વાટ ન કેમે ખૂટી,
અબ લગ કંકર એક ન લાગ્યો
ગયાં ભાગ્ય મુજ ફૂટી :
કાજળ કહે આંખોને, આંખો વાત વહે અંસુવનમાં :
માધવ, ક્યાંય નથી મધુવનમાં.



Downloaded From :http://cbseportal.com/ Courtesy : CBSE

Downloaded From :http://cbseportal.com/

CBSE PORTAL
www.cbseportal.com

પ્રશ્નો :

(1) ભમરો કઈ વાત ગુંજનમાં વહેતી મૂકે છે ?

(2) કદંબડાળી ક્યાં ઝૂકી છે ?

(3) 'રાવ' અને 'વેણું' શબ્દોના અર્થ લખો.

(4) આંખો કઈ રીતે કૃષ્ણ નથી એ વાત કરે છે ?

(5) ગોપીને પૌતાનું ભાગ્ય ફૂટી ગયેલું કેમ લાગે છે ?

(B) નીચેની કાવ્યપંક્તિઓ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો. *4*

(ક) ધમાલ ન કરો, – જરાય નહિ નેન ભીનાં થશો, –
ઘડી બ ઘડી જે મળી, – નયનવારિ થંભો જરા, –
કૃતાર્થ થઈ લો, ફરી નહીં મળે જ સૌંદર્ય આ,
સદા જગત જે વડે હતું હસન્તુ માંગલ્ય કો !

(i) કવિ આંસુને કેમ થોડી વાર થંભી જવાનું કહે છે ?

(ii) કવિ પત્નીનાં સૌંદર્યને કેવું કહે છે ?

(ખ) ઘડીક ભૂલીને મનનું ગાણું,
આ કોલાહલ માણું;
પાવાના ઊંડેરા સૂરની –
પ્રીતવ્યથા પરમાણું,
ગહનમાં ગળતો જાઉં !

(i) કવિ મનનું ગાણું ભૂલીને શું માણવા ઈચ્છે છે ?

(ii) પાવાના ઊંડેરા સૂરમાં કવિ શું અનુભવવા માંગે છે ?



Downloaded From :http://cbseportal.com/ Courtesy : CBSE

Downloaded From :http://cbseportal.com/

(C) નીચેનામાંથી કોઈ પણ *ત્રણ* પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં જવાબ લખો. *6*

(1) બીજા મુક્તકમાં જાતમહેનતની ટેવ કેળવવા શું કહેવાયું છે ?

(2) 'પલ' કાવ્યમાં વૃંદાવન અને કુરુક્ષેત્રના ઉલ્લેખ દ્વારા શાનો સંકેત કરવામાં આવ્યો છે ?

(3) કવિને શું થવું ગમે ? શા માટે ?

(4) આ જગતમાં આવીને કવિ શું કરવા માંગે છે ?

(D) નીચેનામાંથી કોઈ પણ *છ* પ્રશ્નોના એક-એક વાક્યમાં જવાબ લખો. *6*

(1) 'છેલ્લું દર્શન' કાવ્યના કવિનું ઉપનામ જણાવો.

(2) પલ એટલે શું ?

(3) બગલા કેવા હોય છે ?

(4) સંઘરાખોરો અનાજ ક્યારે વેચવા કાઢે છે ?

(5) કવિ પત્નીના મૃતદેહને કેવી સામગ્રી ધડવાનું કહે છે ?

(6) સમય ચિરનિદ્રામાં પોઢેલાંને ક્યાં લઈ જાય છે ?

(7) 'એ લોકો' કાવ્ય કવિના કયા પુસ્તકમાંથી લેવામાં આવ્યું છે ?



Downloaded From :http://cbseportal.com/ Courtesy : CBSE